પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૦૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૦-૧૨-૨૦૨૩ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### વિપક્ષે વિપક્ષમાં જ રહેવાનું મન બનાવી લીધું છે

## કેટલીક પાર્ટીઓ સંસદની સુરક્ષા ચૂકનું સમર્થન કરી રહી છે, તેમનું વર્તન ઘણું ખતરનાક

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સંસદની સુરક્ષામાં ચૂક મામલે વિપક્ષ પર નિશાન સાધ્યું હતું. મોદીએ કહ્યું કે વિપક્ષે પોતાની જગ્યાએ (વિપક્ષમાં) રહેવાનું જ મન બનાવી લીધું છે. તેમણે કહ્યું કે કેટલાક પક્ષો સંસદની સુરક્ષા ચૂક મામલે સમર્થનમાં અવાજ ઉઠાવી રહ્યા છે. આ સુરક્ષામાં ચૂક જેટલું જ ખતરનાક છે.

ભારતીય જનતા પાર્ટીની સંસદીય દળની બેઠક સંસદની લાયબ્રેરી પરિસરમાં મળી હતી. આ બેઠકમાં ભાગ લેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે રક્ષા મંત્રી રાજનાથ સિંહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ હાજર રહ્યા છે. આ બેઠકમાં પીએમ મોદીએ કહ્યું કે લોકશાહીમાં વિશ્વાસ રાખનાર દરેક વ્યક્તિએ સંસદ પરિસરમાં ઘૂસણખોરીની ઘટનાની નિંદા કરવી જોઈએ, પરંતુ કેટલાક પક્ષો સુરક્ષામાં ચૂકના મામલાને સમર્થન આપી રહ્યા છે.

ખરેખરમાં, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ હાલમાં સંસદની સુરક્ષામાં ચૂક માટે બેરોજગારી અને મોંઘવારીને જવાબદાર ગણાવી હતી. આ અંગે પીએમએ કહ્યું કે હું સમજી શકતો નથી કે લોકશાહીમાં વિશ્વાસ રાખનાર પક્ષ આ ઘટનાને કેવી રીતે યોગ્ય ઠેરવી શકે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમ પણ કહ્યું કે, વિપક્ષની પાર્ટીઓ હાલની વિધાનસભા ચૂંટણીમાં હારથી નારાજ છે અને તેની અકળામણમાં સંસદની કાર્યવાહીમાં અડચણો ઉભી કરી રહી છે. મોદીએ ભાજપના નેતાઓને સંયમ રાખવા અને લોકશાહી નિયમોનું પાલન કરવા કહ્યું.



પીએમએ કહ્યું કે આ પાર્ટીઓનું આ વર્તન સુરક્ષામાં ચૂક જેટલું જ ડરામણું છે. તેમણે એમ પણ કહ્યું કે ઈન્ડિયા ગઠબંધનનું લક્ષ્ય અમારી સરકારને હટાવવાનું છે, જ્યારે અમારી સરકારનું લક્ષ્ય આ દેશ માટે વધુ સારું ભવિષ્ય બનાવવાનું છે. વિપક્ષના આ વર્તનને કારણે ૨૦૨૪માં તેમની સંખ્યા હજી વધુ ઘટશે. જ્યારે ભાજપને ફાયદો થશે.

અગાઉ ૭ ડિસેમ્બરે ભાજપે સંસદીય દળની બેઠકનું આયોજન કર્યું હતું, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ સહિત ઘણા મંત્રીઓ અને નેતાઓ હાજર રહ્યા હતા. આ બેઠક પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયાના ત્રણ દિવસ બાદ થઈ હતી, તેથી બેઠકની શરૂઆતમાં નેતાઓએ ત્રણ રાજ્યોમાં મળેલી ભવ્ય જીત બદલ મોદીનું સ્વાગત કર્યું હતું. નેતાઓએ 'મોદીજી સ્વાગત છે'ના નારા પણ લગાવ્યા હતા.

### સંસદ લાયબ્રેરી બિલ્ડીંગમાં યોજાયેલી ભાજપ સંસદીય દળની બેઠકમાં ભાજપના તમામ વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા

પીએમ મોદીએ વિપક્ષ પર પ્રહાર કરતા આગળ કહ્યું કે, વિધાનસભા ચૂંટણીમાં મળેલી હારની હતાશા સ્પષ્ટ નજર આવી રહી છે અને જો આ જ પ્રકારનો વ્યવહાર વિપક્ષે બનાવી રાખ્યો તો ૨૦૨૪માં તેમણે કરારી હારનો સામનો કરવો પડશે. આ સાથે જ તેમણે બીજેપી સાંસદોને કહ્યું કે, નવા મતદાતાઓએ એ સમય નથી જોયો જ્યારે રોજ નવા કૌભાંડ થતાં હતા. વિપક્ષના એ કારનામા વિશે તેમને જાગરૂક કરવાની જરૂર છે. એવું લાગે છે કે, વિપક્ષે નક્કી કરી લીધુ છે કે, તેમણે અહીં જ રહેવું છે આગળ નથી વધવું. લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંગે તેમણે કહ્યું કે, હમણા આ મીટિંગ હોલમાં જે ખાલી જગ્યા છે બીજી વખત આ જગ્યા પણ ભરાઈ જશે.

પીએમ મોદીએ બીજેપી સાંસદોને કહ્યું કે, સંસદ ભવનમાં જે કંઈ પણ થયુ તેનું સમર્થન કરવું ખૂબ જ ખોટુ છે. વિપક્ષે મન બનાવી લીધું છે કે, તે હવે વિપક્ષમાં જ બેસશે. વિપક્ષ જે કરી રહ્યું છે તે તેમની હતાશા અને નિરાશા છે. વિપક્ષનો હેતુ નરેન્દ્ર મોદીને ઉખાડી ફેંકવાનો છે અને અમારો હેતુ દેશનો વિકાસ કરવાનો છે. અમારા અને તેમની વિચારસરણીમાં આ જ અંતર છે.

બીજી તરફ આ મામલે વિપક્ષ ગૃહમાં ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગ કરતું વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. આજે પણ વિપક્ષના સાંસદોએ નવા સંસદ ભવનના મુખ્ય ગેટ પર બેસીને પ્રદર્શન કર્યું હતું. આ પ્રદર્શનમાં કોંગ્રેસ સાંસદ સોનિયા ગાંધી પણ સામેલ થયા હતા.પીએમ મોદીએ વિપક્ષ પર પ્રહાર કરતા આગળ કહ્યું કે, વિધાનસભા ચૂંટણીમાં મળેલી હારની હતાશા સ્પષ્ટ નજર આવી રહી છે અને જો આ જ પ્રકારનો વ્યવહાર વિપક્ષે બનાવી રાખ્યો તો ૨૦૨૪માં તેમણે કરારી હારનો સામનો કરવો પડશે. આ સાથે જ તેમણે બીજેપી સાંસદોને કહ્યું કે, નવા મતદાતાઓએ એ સમય નથી જોયો જ્યારે રોજ નવા કૌભાંડ થતાં હતા. વિપક્ષના એ કારનામા વિશે તેમને જાગરૂક કરવાની જરૂર છે. એવું લાગે છે કે, વિપક્ષે નક્કી કરી લીધુ છે કે, તેમણે અહીં જ રહેવું છે આગળ નથી વધવું. લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંગે તેમણે કહ્યું કે, હમણા આ મીટિંગ હોલમાં જે ખાલી જગ્યા છે બીજી વખત આ જગ્યા પણ ભરાઈ જશે.પીએમ મોદીએ બીજેપી સાંસદોને કહ્યું કે, સંસદ ભવનમાં જે કંઈ પણ થયુ તેનું સમર્થન કરવું ખૂબ જ ખોટુ છે. વિપક્ષે મન બનાવી લીધું છે કે, તે હવે વિપક્ષમાં જ બેસશે.

## કાતિલ ઠંડીનો એવો રાઉન્ડ આવશે કે ડિસેમ્બરના અંતમાં ઠુઠવાઈ જશો

અમદાવાદ,

ગુજરાતમાં આખરે શિયાળો બેઠો છે તેવુ કહી શકાય. ગુજરાતમાં હાડ થીજવતી ઠંડીનો દોર આવી ગયો છે. ગુજરાતમાં અનેક શહેરનો ઠંડીનો પારો ગગડ્યો છે. આ સાથે જ હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં કાતિલ ઠંડીની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, ૨૨ તારીખ બાદ તાપમાન ૨થી ૩ ડિગ્રી વધશે. વર્તમાનમાં વધેલી ઠંડીને લઈ કહ્યું કે, પશ્ચિમી પવનોના કારણે તાપમાનનો પારો ગગડયો છે. તો હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ આગાહી કરી કે, ડિસેમ્બરના અંતમાં કાતિલ ઠંડીનો દોર શરૂ થશે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે માવઠાની સ્થિતિ પાછી ઠેલાઈ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ધીમી પડતા નાતાલ સુધીમાં માવઠાની શક્યતા છે. તો ઠંડી અંગે અંબાલાલની મોટી આગાહી એવી છે કે, નાતાલ સુધીમાં ગુજરાતના વાતાવરણમાં મોટા ફેરફાર આવશે. પશ્ચિમી ડિસ્ટર્બન્સ પાકિસ્તાનથી ઉત્તર ભારત તરફ ગતિ કરશે. ૨૦મી બાદ ઉત્તરીય પર્વતીય પ્રદેશમાં હીમવર્ષા થશે. ૨૩મી બાદ હવામાનમાં મોટા ફેરફાર આવશે. ૨૩મી બાદ ઉત્તર ભારતમાં માવઠું થઈ શકે છે. આ દિવસોમાં કરા, ગાજવીજ સાથે વરસાદ પણ આવી શકે છે. અંબાલાલ પટેલે કહ્યું કે, ૨૩ ડિસેમ્બરે ગુજરાતમાં પણ માવઠું થઈ શકે છે. નાતાલ સુધીમાં હવામાનમાં મોટા ફેરફાર થવાની શક્યતા છે. ડિસેમ્બર અંતમાં કાતિલ ઠંડીનો દોર શરૂ થશે. આ વર્ષે છેક ફેબ્રુઆરી સુધી ઠંડીનો મારો રહેશે. હાલ સમગ્ર ગુજરાતમાં કાતિલ ઠંડીની લહેર ફેલાઈ ગઈ છે. ૧૧.૨ ડીગ્રી સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર બની ગયું છે. તો અમદાવાદમાં ૧૫.૫ ડિગ્રી તાપમાન પહોંચ્યું છે. તો બનાસકાંઠાના ડીસામાં ૧૩.૪ ડિગ્રી અને વડોદરામાં ૧૪ ડીગ્રી તાપમાન પહોંચ્યુ છે. કેશોદમાં૧૪.૫ અને રાજકોટમાં ૧૫ ડીગ્રી તાપમાનનો પારો બતાવ્યો છે. ભુજમાં ૧૩.૯ ડિગ્રીએ તાપમાન પહોંચ્યુ છે. એક સપ્તાહ સુધી હજુ રાજ્યમાં ઠંડીની હવામાન વિભાગની આગાહી છે.

## ચોખાના ભાવમાં મિડલ-ક્લાસ અને ગરીબોને રાહત મળશે, મોદી સરકારે આદેશ આપ્યો

નવીદિલ્હી,

નરેન્દ્ર મોદી સરકારે રિટેલ બજારમાં ચોખાની કિંમતને લઈને એક મોટો નિર્ણય લીધો છે. જેનાથી માર્કેટમાં ચોખાના ભાવ ઘટશે અને ગ્રાહકોને મોટી રાહત મળશે. કેન્દ્ર સરકારે રાઈસ ઈન્ડસ્ટ્રી એસોશિએશનને તત્કાલ પ્રભાવથી ચોખાની કિંમતમાં ઘટાડો કરવા માટે આદેશ આપ્યો છે. આ સંબંધમાં ખાદ્ય અને સાર્વજનિક વિતરણ વિભાગના સચિવ સંજીવ ચોપડાએ નોન-બાસમતી ચોખાના સ્થાનિક ભાવની સ્થિતિની સમીક્ષા કરવા માટે એક બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં આ આદેશ આપવામાં આવ્યા છે. બેઠકમાં ચોપડાએ ઉદ્યોગને રિટેલ બજારમાં કિંમતોને યોગ્ય સ્તર પર લાવવાના ઉપાય કરવા કહ્યું. પીઆઈબી દ્વારા જાહેર નિવેદનમાં જણાવવામાં આવ્યું કે ઉદ્યોગ સંગઠનોને સુચન આપવામાં આવ્યા છે કે પોતાના સંઘના સદસ્યોની સાથે આ મુદ્દાને ઉઠાવે અને સુનિશ્ચિત કરે કે ચોખાની રિટેલ કિંમત તત્કાલ પ્રભાવથી ઓછી કરવામાં આવે. એવામાં ખરીફના સારા ભાવ, ભારતીય ખાદ્ય નિગમની પાસે પર્યાપ્ત ભંડાર હોવા અને ચોખાના નિકાસ પર બેન છતાં ઘરેલુ બજારમાં નોન-બાસમતી ચોખાના ભાવ કેમ વધી રહ્યા છે. સરકાર દ્વારા નોન-બાસમતી ચોખાના નિકાસ પર બેન લગાવ્યા છતાં કિંમતોમાં વધારો ચિંતાનો વિષય છે. ચોખાનો વાર્ષિક મોંઘવારી દર છેલ્લા બે વર્ષોથી ૧૦ ટકાથી વધારે વધ્યો છે. ચોખાની કિંમતોમાં જાહેર વધારાને લઈને સરકાર હવે કડક પગલા ભરી રહી છે અને તેના પર લગામ લગાવવા માટે કમર કસી લીધી છે. સરકાર દ્વારા આપવામાં આવેલા નિર્દેશોમાં કહેવામાં આવ્યું છે કે અમારી પાસે શારી ક્વોલિટીના ચોખાનો સ્ટોક છે. તેને ઓપન માર્કેટ સેલ્સ સ્કીમ હેઠળ ટ્રેડર્સ અને પ્રોસેસર્સને ૨૯ રૂપિયા કિલોમાં વેચવામાં આવી રહ્યા છે. તેના છતાં રિટેલ માર્ટેમાં તે ૪૩થી ૫૦ રૂપિયા પ્રતિ કિલોના રેટથી વેચાઈ રહ્યું છે.



# વિકસિત ભારત સંકલ્પ યાત્રા સંતરામપુર તાલુકાના નાની ભૂગેડી ગામે પહોંચતા ગ્રામજનો દ્વારા ઉમળકાભેર આવકાર


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર, મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના નાની ભૂગેડી ગામે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ અને કેન્દ્રીય સચિવ જીતેશ શર્માની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા આવી પહોંચતા ગ્રામલોકોએ ઉમળકાભેર સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમમાં સરકારની યોજનાકીય ફિલ્મ નિહાળી વિકસિત ભારતના નિર્માણની સૌએ સામુહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ તકે ગ્રામજનોને કેન્દ્ર અને રાજ્ય સરકારની ૧૭ જેટલી ફ્લેગશીપ યોજનાઓની માહિતી આપતી ફિલ્મ નિદર્શન થકી યોજનાઓનો લાભ લેવા ગ્રામજનોને અનુરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનના વિઝનથી ભગવાન બિરસા મુંડાના જન્મ સ્થળ ઝારખંડથી શરૂ થયેલી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો મૂળ હેતુ સરકારની યોજનાઓનો વ્યાપ વધારવા અને આદિજાતી વિસ્તારના લોકોની સુખાકારીમાં વધારો કરી દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાનો છે. લોકોની સમસ્યા જાણી તેનો નિવેડો કેવી રીતે લાવી શકાય તે દિશામાં વડાપ્રધાનએ વિચારણા કરી અનેક યોજનાઓ બનાવી છે. તેનો લાભ જન જન સુધી પહોંચે તેની જાણકારી આપવા માટે આ યાત્રા ગામે ગામ ફરી રહી છે. નાના બાળકોથી લઈને વૃદ્ધોની ચિંતા કરી સરકારએ અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે, જેનો લાભ લેવાથી કોઈ વંચિત ન રહી જાય તે માટે આપણે પણ નાગરિક તરીકે ફરજ અદા કરી જરૂરિયાતમંદ લાભાર્થીઓને લાભ થાય તે દિશામાં કાર્ય કરવા સૌને અનુરોધ કર્યો હતો. મેરી કહાની, મેરી જુબાની અંતર્ગત વિવિધ યોજનાના વ્યક્તિગત લાભાર્થીઓએ યોજનાકીય લાભોથી તેમના જીવનમાં આવેલા આમુલ પરિવર્તનની કહાની ગ્રામજનો સમક્ષ પ્રસ્તુત કરી બાકી રહી ગયેલા લોકોને યોજનાનો લાભ લેવા પ્રેરિત કર્યા હતા. ઉપરાંત, વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ પણ કરાયું હતું. ધરતી કરે પુકાર અંતર્ગત પ્રાકૃતિક ખેતીને અપનાવવા અને ધરતીને વિવિધ રસાયણોથી થતા નુકસાનને દૂર કરવા અંગે નુકકડ નાટક થકી પ્રેરક સંદેશો આપ્યો હતો. આ કાર્યક્રમમાં સરકારના વિવિધ વિભાગો દ્વારા સ્ટોલ ઉભા કરાયા હતા. આંગણવાડી વર્કર બહેનોએ મિલેટમાંથી તૈયાર કરેલી વાનગીઓ તેમજ મિલેટ ધાન્યનું સ્ટોલ નિદર્શન કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા યોજાયેલા આરોગ્ય કેમ્પનો ગ્રામજનોએ લાભ લીધો હતો. આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ,તાલુકા વિકાસ અધિકારી હરેશભાઈ વળવાઈ, નાયબ જીલ્લા વિકાસ અધિકારી, ખેતીવાડી અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર, સ્થના ઈન્ચાર્જ, સરપંચ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા શહેરના પતંગ-દોરીના વેપારીઓ સાથે પ્રતિબંધિત ચાઈનીઝ દોરી, સ્કાયલેન્ટર્નનું વેચાણ ન કરવા અંગે બેઠક યોજી જાહેર અપીલ કરવામાં આવી



ગોધરા, નાયબ કલેકટર ગોધરા પ્રાંત ગોધરાની અધ્યક્ષતામાં ગોધરા શહેરના પતંગ–દોરીના વેપારીઓ,પોલીસ વિભાગ તેમજ નગરપાલીકાના કર્મચારી સાથે તા.૧૯/૧૨/૨૦૨૩ના રોજ એક બેઠક યોજવામાં આવી હતી. સદર બેઠક અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ગોધરાના સીઆરપીસી–૧૪૪ની જોગવાઈ હેઠળ આગામી ઉત્તરાયણના તહેવાર સંદર્ભે ચાઈનીઝ દોરી/માઝા, પ્લાસ્ટીક દોરી, નાયલોન તથા અન્ય સિન્થેટીક માઝા તેમજ ચાઈનીઝ તુક્કલ/સ્કાયલેન્ટર્ન કે જેના ઉપયોગથી માનવ તથા પશુ–પક્ષીઓને ઈજા તેમજ મૃત્યની ઘટના ન બને તેને ધ્યાને રાખી, તેના વેચાણ, ઉત્પાદન અને સંગ્રહ ઉપર પ્રતિબંધ મુકતુ તા.૦૨/૧૨/૨૦૨૩થી તા.૧૫/૦૧/૨૦૨૪(બન્ને દિવસ સહિત) અમલી જાહેરનામુ બહાર પાડવામાં આવેલ હોવાની બાબતે સૌનું ધ્યાન દોરવામાં આવ્યું. આ અંગે વહીવટીતંત્ર દ્વારા આગામી સમયમાં સઘન ચકાસણી હાથ ધરવામાં આવનાર હોઈ, પ્રતિબંધિત દોરી કે તુક્કલ/સ્કાયલેન્ટર્ન કોઈપણ વેપારી પોતાની પાસે ન રાખે કે તેનું વેચાણ ન કરે તેમજ જે વેપારીઓ બેઠકમાં હાજર નથી, તેઓ સુધી અત્રેનો સંદેશ પહોંચાડવા અપીલ કરવામાં આવી. અત્રેની સુચનાનું પાલન નહી કરી, જાહેરનામાનો ઉલ્લંઘન કરી, પ્રતિબંધિત ચાઈનીઝ દોરી/તુક્કલનો સંગ્રહ, વેચાણ અને ઉપયોગ કરનાર ઈસમો સામે કડક હાથે કાયદાકિય કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોઈ તેની તમામને ગંભીર નોંધ લેવા બેઠકમાં જણાવવામાં આવ્યું હતું. તેમ ગોધરા પ્રાંત અધિકારી પ્રવિણસિંહ ડી. જૈતાવત દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.


# પાવાગઢ પોલીસ મથકના પ્રોહિબીશન ગુનાના ત્રણ વર્ષથી વોન્ટેડ આરોપીને જાંબુઘોડાના કકરોલીયા ખાતેથી LCBએ ઝડપ્યો



પાવાગઢ, પાવાાગઢ પોલીસ મથકના પ્રોહિબીશન ગુનામાં ત્રણ વર્ષથી વોન્ટેડ નાસતા ફરતા આરોપીને એલ.સી.બી.પોલીસે બાતમીના આધારે જાંબુઘોડાના કકરોલીયા ગામેથી ઝડપી પાડયો.,

વિસ્તૃત વિગતો મુજબ પાવાગઢ પોલીસ મથકના પ્રોહિબીશનના ગુનાનો આરોપી કિશનભાઇ ખીમજીભાઇ રાઠવા (રહે. શનાડા, છોટાઉદેપુર, મૂળ. રહે. ધકકાપુર, તા.કડીવાડા, એમ.પી.) છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય એલ.સી.બી. પોલીસે બાતમીદારો રોકી તપાસ કરતાં આરોપી કિશન રાઠવા જાંબુઘોડાના કકરોલીયા ગામે રોડની બાજુમાં ઉભેલ છે. તેવી બાતમીના આધારે ઝડપી પાડવામાં આવ્યો આગળની કાર્યવાહી માટે આરોપીને પાવાગઢ પોલીસ મથકે સોંપવામાં આવ્યો.

# કાલોલ-સુરેલી રોડ ઉપર સાગી લાકડાં ભરેલ ટેમ્પો અને પાયલોટીંગ કરતાં ૪ ઈસમોને LCBએ ઝડપી વેજલપુર ફોરેસ્ટને સોંપવામાં આવ્યા



કાલોલ, કાલોલ તાલુકાના સુરેલી ગામે મુખ્ય રોડ ઉપર ટેમ્પામાં સાગી લાકડા ભરી પસાર થતાં તેમજ બાઈક ઉપર પાયલોર્ટીગ કરતાં ૪ ઈસમોને એલ.સી.બી.પોલીસે ઝડપી પાડી આ ઈસમોને વેજલપુર ફોરેસ્ટ ઓફિસરને સોંપવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા એલ.સી.બી. પોલીસ કાલોલ તાલુકાના સુરેલી રોડ ઉપરથી ગેરકાયદેસર હેરાફેરી કરતાં ઈસમો ઉપર કાર્યવાહી માટે પેટ્રોલીંગમાં હતા. દરમિયાન ટાટા ટેમ્પા નં. જીજે.૦૮.ટી. ૮૪૬૮માં સાગી લાકડા ભરીને પસાર થતાં ટેમ્પાને રોકી ચાલક નાનજીભાઇ સબુભાઇ નાયક (સારંગપુર, તા. ગોધરા) કલીનર કનુભાઇ વગડાભાઇ નાયકને ઝડપી પાડવાામાં આવેલ તેમજ સાગી લાકડા ભરેલ ટેમ્પાનું બાઈક નં.જીજે.૧૭.બીડી.૮૬૮૭ ઉપર પાયલોટીંગ કરનાર મહમદ યામીન દુર્વેશ (રહે. ગોન્દ્ર મૈત્રી સર્કલ, ગોધરા) અને રીયાઝ અમીરઈલાહી હયાત (રહે. નુરાની સોસાટી, ગોન્દ્રા, તા.ગોધરા)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. એલ.સી.બી.પોલીસ વાહનો સાથે મુદ્દામાલ સાથે આરોપી ઈસમોને કાર્યવાહી માટે ફોરેસ્ટ વિભાગ રેન્જ ફોરેસ્ટ ઓફિસરને સોંપવામાં આવ્યા.

# એઆરટીઓ લુણાવાડા ખાતે ફોર વ્હિલર વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઈન હરાજી શરૂ કરવામાં આવશે

મહિસાગર, સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, લુણાવાડા મહિસાગરની અખબારી યાદી જણાવે છે કે મોટર વાહનના હવે પછી નવા રજીસ્ટ્રેશન થનાર ટુ વ્હિલર(મોટર સાઇકલ) GH35-M અને GJ35-P સીરીઝ તથા ફોર વ્હિલર GJ35-h અને GJ35-N સોરીઝ માં વાહનોના બાકી રહેલ ફેન્સી નંબરની ઓનલાઈન હરાજી શરૂ કરવામાં આવનાર છે. જેથી ઓનલાઈન હરાજીનો મહત્તમ લાભ લેવા જણાવવામાં આવે છે.

ઈ–ઓકશન પ્રક્રિયા ઓનલાઈન અરજી કરવાની તારીખ ૨૪/૧૨/૨૦૨૩ થી ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૬/૧૨/૨૦૨૩ સાજે ૦૩:૫૯ કલાક સુધી રહેશે.ઇ–ઓકશન શરૂ તારીખ ૨૬/૧૨/૨૦૨૩, થી અને ઇ–ઓક્શન સમાપ્ત તારીખ ૨૮/૧૨/૨૦૨૩ સાંજે ૦૪:૦૦ કલાક સુધી રહેશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા માટે Https://vahan.parivehan. gov.in/fancy પર નોંધણી યુઝર આઇ.ડી. અને પાસવર્ડ મેળવી વાહન વ્યવહાર કમિશ્નરની કચેરીના પરિપત્ર ક્રમાંક નં.આઇ.ટી/પસંદગી નંબર/Online auction/7421 તા.૧૨/૧૦/૨૦૧૭ Appendix-A(આ સાથે સામેલ છે) ની સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે. અરજદારએ હરાજીની પ્રક્રિયા પુરી થયાના ૫ દિવસમાં બીડ અમાઉન્ટના નાણાં જમા કરાવવના રહેશે. અરજદાર જો આ નિયત મર્યાદામ નાણાં ચૂકવવામાં નિષ્ફળ જશે, તો મૂળ રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે. જેમાં અરજદાર કોઈ વાંધો લઇ શકશે નહીં. અસફળ અરજદારએ રીફંડ માટે જે તે અરજદારના ખાતામાં SBI e-pay દ્વારા અત્રેની કચેરી દ્વારા પરત કરવામાં આવશે.

# ગોધરા તાલુકાના નદીસર ગામે ટ્રેકટરથી પાણીની પાઈપ કાંણી થઇ જતાં આરોપીઓ દ્વારા મારમારતાં ફરિયાદ

ગોધરા, ગોધરા તાલુકાના નદીસર ગામે પતરાના મુવાડા ગામે ફરિયાદીએ પોતાના ખેતરમાં ઘઉં વાવેતર કરવા માટે ટ્રેકટર બોલાવેલ હતું. ત્યારે આરોપીએ પાણીની પાઈપ લાંબી કરેલ તે કાણી થઈ જતાં આરોપી અને મારમારી ગાળો આપી ઈજાઓ પહોંચાડતા કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના નદીસર ગામે પતરાના મુવાડા ગામે રહેતા બાબુભાઈ રાયસીંગભાઇ પરમારે ખેતરમાં ઘઉંનું વાવેતર કરવા માટે ટ્રેકટર બોલાવેલ હતું. ત્યારે આરોપી રાજેશભાઇ ભીખાભાઇ પરમાર અને ખેતરમાં પાણી માટે લાંબી કરેલ પાઈપ ઉપરથી ટ્રેકટર પસાર થતાં પાઈપ કાણી થઈ ગઈ હતી. બાબુભાઇની પત્નીને ગાળો આપી દંપતિને મારમારી માર્યો હતો. તેમજ રસીલાબેનએ બાબુભાઈને આંખના ભાગે ધારીયાની ચાંચ મારી ઈજાઓ પહોંચાડતા આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

# ખેડામાં ગેરકાયદે કેમિકલ પાવડર ઉત્પાદન કરતી ફેક્ટરી ઝડપાઈ





ખેડા, ગુજરાત પોલીસને એક મોટી સફળતા મળી છે. ખેડા પોલીસના એસઓજીએ એક ફેક્ટરીમાંથી ક્લોરલ હાઈડ્રેટ, પ્રતિબંધિત નશીલા પદાર્થનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. જેનો સસ્તા નશા તરીકે દુરુપયોગ સમગ્ર મધ્ય ગુજરાતમાં કરવામાં આવ્યો હતો. વર્ષો બાદ ક્લોરલ હાઈડ્રેટનો જથ્થો મળી આવતા ખળભળાટ મચી ગયો છે.

પોલીસે નડિયાદ જીઆઈડીસીમાં રાસાયણિક રીએજન્ટનું ઉત્પાદન કરતી ફેક્ટરી પર દરોડો પાડ્યો અને ફેક્ટરી પરિસરમાં કેમિકલનો મોટો જથ્થો મળી આવ્યો છે. સમગ્ર મુદ્દે એફએસએલ દ્વારા તપાસ કરવામાં આવશે. સાથે જ આણંદ સહિત ગુજરાતના ઓછામાં ઓછા ત્રણ જિલ્લાના તપાસકર્તાઓએ આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં ક્લોરલ હાઈડ્રેટની હેરફેર કરવામાં આવી હોવાની ધારણા પર કેસની તપાસ કરી રહ્યા છે.

ક્લોરલ હાઈડ્રેટક્લોરિન અને ઈથેનોલ દ્વારા એસિડિક દ્રાવણમાં ઉત્પન્ન થાય છે. ક્લોરલ હાઈડ્રાઈટને હાઈડ્રોલિસિસ કરી વિઘટીત કરાય છે. વિઘટીત થયેલું દ્રવ્ય અત્યંત નશાકારક બને છે.પહેલા ક્લોરલ હાઈડ્રેટ મેડિકલ સારવારમાં બેભાન કરવામાં વપરાતું હતું.જો કે વર્ષ ૧૯૯૧માં તેના પર ભારત સરકારે પ્રતિબંધ મુક્યો હતો.

# ખેડા જીલ્લાની ૧૯૬૨ કરૂણા એમ્બ્યુલન્સ દ્વારા ભેંસનો જીવ બચાવવામાં આવ્યો



ખેડા, ખેડા જીલ્લાના નડિયાદ તાલુકાના મોંગરોલી ગામમાં પશુ દવાખાનાની સેવા પશુધન માટે લાભદાયી બની છે. ગત માહિતી અનુસાર તારીખ ૧૬–૧૨–૨૩ના રોજ સાંજે ૦૬:૦૦ વાગ્યાની આજુબાજુમા મોંગરોલી ગામ ખાતે પશુ માલીક તેમને ત્યાં ભેંસ છેલ્લા ૧ દિવસ થી પ્રસુતિની પીડામા હોવાની માહિતી મળી હતી. પ્રસુતિનો સમય આવી ગયો હતો પણ પ્રસુતિ થઇ નહિ અને તેનું કોઈ કારણ પણ જણાતું ન હતું. પશુના માલિક સમય ગુમાવ્યા વગર તરત જ સાંજના સમયે એનિમલ હેલ્પલાઇન ૧૯૬૨ નંબર પર કોલ કર્યો અને પોતાની ભેંસની વિગતવાર નોંધ કરાવી. કેસ ગંભીર જણાતા વેટરનરી ડો.પાર્થ ગજ્જર અને પાયલોટ કલ્પેશભાઈ ઝાલા ઘટના સ્થળે તુરંતજ પહોંચી ગયા હતા.

ડોક્ટરને પ્રાથમિક સારવાર દરમિયાન તેમને ખબર પડી કે ભેંસનું બચ્ચું તેના પેટમા ફસાઈ ગયું છે, જેને ટોરશન કહેવામાં આવે છે. આથી જેને કારણે તેની નોર્મલ ડિલિવરી કરવી ખુબ મુશ્કેલ હતું. ડો.પાર્થ ગજ્જર અને પાયલોટ કલ્પેશભાઈ ઝાલાની ટીમ ભેગા મળીને ખુબ પ્રયત્ન કર્યા પણ સફળતા મળી નહિ, છેવટે ડો. પાર્થ અને તેમની ટીમ બાજુનું ફરતું પશુ દવાખાનું (પણસોરા) ના ડો. સત્યપાલ અને પાયલોટ વિક્રમભાઈ ડાભીને બોલવામાં આવ્યા હતા.

આમ, છેવટે મોંગરોલી અને પણસોરાના ડો. પાર્થ ગજ્જર અને ડો. સત્યપાલની ટીમ ભેગી મળીને ૨ થી ૩ કલાકના અથાગ પ્રયત્ન કરી છેવટે બંને ડોકટરે ભેંસની નોર્મલ પ્રસુતિ કરાવી તેટલું જ નહિ પણ ભેંસના ગર્ભ માંથી બચ્ચું પણ જીવતું કાઢી માતા અને બચ્ચા બંનેનો જીવ બચાવ્યો હતો. છેલ્લા ૪ વર્ષના સમય દરમિયાન–કુલ મળીને ૮૪,૪૩૬ પશુની નિઃશુલ્ક સારવાર કરવામાં આવી હતી.

ખેડા જીલ્લામાં કુલ મળીને ૦૭ ફરતા પશુ દવાખાના છે. જેમાં નડિયાદ તાલુકાના મોંગરોલી, માતર તાલુકાના વિરોજા, મહેમદાવાદ તાલુકાના મોદજ, ઠાસરા તાલુકાના નેશ, કઠલાલ તાલુકાના લાડવેલ, ગળતેશ્વર તાલુકાના ટીમ્બાના મુવાડા અને મેનપુરામાં છે.

# રૂડસેટ સંસ્થા નડિયાદ દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ સખી મંડળના બહેનો માટે બીસી સખીની તાલીમ યોજાઇ




નડિયાદ, બેરોજગાર યુવાન–યુવતીઓને નિઃશુલ્ક તાલીમ આપતી રૂડસેટ સંસ્થા નડિયાદ દ્વારા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી ૬ દિવસની બીસી સખીની તાલીમ સખી મંડળના બહેનો માટે યોજવામાં આવી.

આ તાલીમનો મુખ્ય હેતુ એ હતું કે આ તાલીમમાં બહેનોને બેંકિંગને લગતી માહિતીની સાથે ઓનલાઈન નાણાંની લેવડ દેવડ કેવી રીતે કરવી તેમજ બેન્કિંગને લગતી ઓનલાઈન સુવિધાઓ પોતે ગ્રામ્ય સ્તરે કરી શકે અને ગ્રામ્ય વિસ્તારના લોકો ગામમાં જ બધી ઓનલાઈન સુવિધા પ્રાપ્ત કરી શકે.

આ તાલીમ કાર્યક્રમ ખેડા જીલ્લાના ૧૯ જેટલા સખી મંડળના બહેનોએ તાલીમનો લાભ લીધો હતો. આ તાલીમના પુર્ણાહુતિ પ્રસંગે ગુજરાત લાઈવીહૂડ પ્રમોશન કંપની લી. ખેડાના DLM મધુબેન પરમાર તેમજ APM સંદીપભાઈ સુથાર ઉપસ્થિત રહી તાલીમ લઈ રહેલા બહેનોને બેન્કિંગને લગતી ઓનલાઇન સુવિધાઓ ગ્રામ્ય વિસ્તારના લોકો સુધી સરળતાથી પહોચે તે માટે આહ્વાન કર્યું હતું તથા તેમણે ઉમેર્યું હતું કે, બીસી સખી દ્વારા બેન્કની તમામ સુવિધાઓ ગ્રામ્ય સ્તરના લોકો સુધી પહોંચે અને લોકો સુવિધાનો લાભ લઈ શકે. ત્યારબાદ તાલીમાર્થી બહેનોને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

# બાલાસિનોર ખાતે સંયુક્ત ઉપક્રમે ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન યોજાયું



તસ્વીર : ભૌમિક પટેલ, બાલાસિનોર

બાલાસીનોર, શ્રેયસ હાઈસ્કુલ બાલાસિનોર ખાતે જી. સી. ઇ.આર. ટી. ગાંધીનગર અને જિલ્લા તાલીમ શિક્ષણ ભવન સંતરામપુર, જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી તથા શ્રેયસ હાઈસ્કુલ બાલાસિનોરના સંયુક્ત ઉપક્રમે ગણિત–વિજ્ઞાન–પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૩ને બાલાસિનોરના પૂર્વ ધારાસભ્ય અને વડોદરા જિલ્લા ભાજપ પ્રભારી રાજેશભાઈ (પપ્પુભાઈ) પાઠક, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ જે.પી. પટેલ, મહીસાગર જીલ્લા સંચાલક મંડળના પ્રમુખ આર.ડી.પટેલ, શ્રેયસ હાઈસ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી મૂળશંકર આર. ઉપાદયાય અને હોદ્દેદારો, શિક્ષક મિત્રો ઉપસ્થિત રહી બાળ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા બાળકોનો ઉત્સાહ વધાર્યો.

# આપની આજ.......

મેષ : આજે તમારા માટે શુભ દિવસ છે અને આજે તમારા અટકેલા પૈસા ફરી મળી શકે છે. પ્રતિષ્ઠા અને સંપત્તિ પ્રાપ્ત થવાના સંકેતો છે અને નસીબ પણ તમને ટેકો આપે છે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને ક્યાંકથી મોટી રકમની અપેક્ષા છે. અચાનક મોટી રકમની આવકને કારણે ભંડોળમાં વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો.

મિથુન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે અને તમે આજે કોઈ કામમાં ફસાઈ જશો. આજે કેટલીક વિશેષ વ્યવસ્થા કરવામાં ખર્ચ કરવામાં આવશે. આજે દુનિયાને જોવાનો તમારો દ્રષ્ટિકોણ બદલાઈ શકે છે.

કર્ક : આજે તમારી રાશિના ગ્રહોના વિશેષ યોગ તમને દરેક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરશે. આજે તમારી પ્રતિષ્ઠા વધશે અને તમારી લોકપ્રિયતા પણ વધશે. વિરોધીઓને પરાજિત કરવામાં આવશે અને દુશ્મનોના ઈરાદાને નિષ્ફળ કરવામાં આવશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત બની શકે છે. નોકરી હોય કે ધંધો આજે તમારે બંને માટે દોડવું પડી શકે છે. આજે બપોર સુધીમાં જો તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને યોગ્ય રીતે પૂરા કરો તે યોગ્ય રહેશે.

કન્યા : આજે તમારો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે અને તમે જૂના બગડેલા કામને સુધારવાનો પ્રયત્ન કરશો. કોઈ નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે અને આજે તમને તમારા કેટલાંક વિચારેલા કામ કરવામાં આનંદ થશે.

તુલા : આજનો દિવસ તમારા માટે ખૂબ વ્યસ્ત રહેશે. આજે ભાગદોડ રહેશે. તમારે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડશે, તમારું સ્વાસ્થ્ય પણ નરમ રહેશે. સાંજે મહેમાનો થોડા સમય માટે આવી શકે છે.

વૃશ્ચિક : આજે તમને સફળતા મળશે. આજે તમારી ઈચ્છા પૂર્ણ થશે અને તમને સફળતા મળશે. શુભ કાર્યો સ્થાનિક સ્તરે પણ ગોઠવી શકાય છે. ધાર્મિક કાર્યમાં રુચિ વધશે અને નજીકની મુસાફરી શક્ય છે.

ધન : આજે તમારો દિવસ કેટલાક મામલે પ્રતિકૂળ હોઈ શકે છે. આજે તમને ક્યાંકથી સારો નફો મળી શકે છે પરંતુ તમારા ખર્ચ પણ ક્યાંક વધી શકે છે. સંતાન તરફથી આનંદદાયક સમાચાર મળશે અને ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે.

મકર : આજનો દિવસ તમારા માટે આનંદદાયક અને શુભ છે અને તમારી ખુશીમાં વધારો થશે. આજે તમે તમારા માટે સમય આપશો અને તમને ગમતી વસ્તુઓ કરવા માટે સમર્થ હશો.

કુંભ : આજનો દિવસ શુભ દિવસ છે અને ભાગ્યની મદદથી તમને તે બધું મળશે જેનો તમે વિચાર કરી રહ્યા હતા. કાર્યસ્થળમાં સ્થળાંતર થવાની સંભાવનાઓ છે જે ભવિષ્યમાં તમારા માટે ભાગ્યશાળી સાબિત થશે.

મીન : આજે તમારો દિવસ દાનમાં વિતાવશો. તમારે સંવેદનશીલતાથી તમારી જાતની સંભાળ લેવી પડશે. તમે આજે જે લોકોની મદદ કરી રહ્યા છો, ભવિષ્યમાં ક્યાંક આ લોકો કામમાં આવશે. નોકરી કે કાર્યક્ષેત્રમાં મૌન રહેવું આજે લાભકારક રહેશે. દલીલો અને તકરાર ટાળો.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## મહિસાગર જીલ્લામાં RBSK યોજના અંતર્ગત વાહન કૌભાંડ અંગે

# ગાંધીનગર કક્ષાએથી તપાસ બાદ તાકીદ છતાં એજન્સીને છાવરનાર આરોગ્ય અધિકારીઓનું પેટનું પાણી હાલતું નથી !







- જીલ્લામાં દોડતા આરોગ્ય વિભાગના ૨૧ વાહનોનું ધુપ્પલ : સરકારી નાણાંનો વેડફાટ.
- ૩-૩ વાર નિયામક કક્ષાએથી તપાસ બાદ જરૂરી સુચનાનું પાલન કરવામાં નહીં આવ્યું એટલું જ નહીં માતબર રકમ ચુકવવા અધીરા.
- આરોગ્ય વાહનોના નામે ચાલતી ગેરરીતિ દબાવી દેવાના બાલીશ પ્રયત્નોથી જાગૃત નાગરિકોમાં ભારે નારાજગી.
- જરૂરી નિયમોનું ઉલ્લંઘન સાથે ખખડધજ અને અકસ્માત સર્જે તેવા વાહનોના કારણે બાળ દર્દીઓ પણ બેસતા ભયની લાગણી અનુભવે છે.
- ટેન્ડર શરતોનો ભંગ કરવા છતાં એજન્સી સામે કોઈ પગલાં નહીં ભરનાર દોષીયો સામે શિક્ષાત્મક પગલાં ભરાય તેવી માંગ.

ગોધરા,
છેલ્લા એક વર્ષથી આર.બી.એસ.કે. યોજના અંતર્ગત મહિસાગર જીલ્લાના આરોગ્ય તંત્રમાં વિવાદાસ્પદ ખાનગી બાલાજી એજન્સી દ્વારા ૨૧ જેટલી વાન મારફતે નીતિનિયમોનો ભંગ કર્યા અંગેની ગંભીર ફરિયાદો બાદ વર્ષ દરમિયાન ૩-૩ વખત ગાંધીનગરથી નિયામક કક્ષાની ટીમ આવીને તપાસ હાથ ધરી ગઈ છે. જરૂરી પુરાવા તથા સરકારના નિયમોનુસાર કાર્યરત છે કે કેમ ? તે અંગેના ગુપ્ત અહેવાલોમાં પણ ખુલ્લેઆમ ટેન્ડરનું ઉલ્લંઘન થઈને માતબર રકમ ચુકવણા થયા હોવાનું પણ જણાઈ આવવા છતાં સમગ્ર કૌભાંડના પ્રકરણને દબાવી દેવાના થઈ રહેલા કાવાદાવા વચ્ચે આજદિન સુધી સાંઠગાંઠના કારણે દોષિતો સામે કોઈ શિક્ષાત્મક પગલાં ભરવામાં નહીં આવતા જીલ્લા આરોગ્ય વિભાગની કાર્યરીતિ સામે પ્રજામાં અનેક મતમતાંતરો ઉઠયા છે.

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (આર.બી.એસ.કે.) કેન્દ્ર સરકારની ૦ થી ૧૮ વર્ષના બાળ દર્દીઓ માટે આર્શીવાદરૂપ યોજના થકી દર્દીઓને સારવાર માટે વાન ઉપલબ્ધ કરાવાય છે. જેના ભાગરૂપ મહિસાગર જીલ્લામાં જીલ્લા પંચાયત હસ્તકની આરોગ્ય શાખા દ્વારા અમલીકરણ કરાઈને ૨૧ જેટલા વાહનો કાર્યરત કરાયા છે. જેના માટે હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રિયામાં બાલાજી નામની ખાનગી કોન્ટ્રાકટર એજન્સીએ લાભ મેળવીને ટેન્ડરના શરતો મુજબ વાહનો મુકવાની બાંહેધરી આપી હતી. પરંતુ સ્થાનિક આરોગ્ય તંત્રની મીલીભગતથી ખાનગી કોન્ટ્રાકટર એજન્સીએ સરકારના નકકી કરાયેલ નિયમોને ઘોળીને પી ગયા હતા. જેમાં ૭,૫૦,૦૦૦ કિલો મીટર પૂર્ણ કરી ચુકેલા ભંગાર ગ્રસ્ત વાહનો દોડાવાઈને ટેકસી પાર્સીંગ મેળવેલ નથી, સીએનજી કીટ દેખાડો કરીને અગત્યનો પાર્સીંગ મેળવાયેલ નથી, જીપીએસ સીસ્ટમ ગોઠવાયેલ નથી, ફિટનેસ સર્ટીફિકેટ પણ મેળવેલ નથી, ખાસ કરીને સરકારના આવા મહત્વાકાંક્ષી કાર્યક્રમો અંગેની જાહેરાત દર્શાવાત સ્ટિકરો સમગ્ર વાનની ચારેતરફ લગાવવાના હોવા છતાં લગાવેલા જોવા મળતા નથી. માત્ર સ્થાનિક આરોગ્ય અધિકારીઓની આંખ આડા કાન કરવાના લીધે આવા વાહન ચાલકો રોડ ઉપર ખાનગી મુસાફરોની હેરાફેરી કરતાં પણ દેખવા મળે છે. સરકાર દ્વારા નકકી કરાયેલ આવા શરતોનો ભંગ કરવા છતાં કોઈપણ જાતની ચકાસણી વિના જીલ્લા તંત્ર દ્વારા માતબર રકમ ફાળવી દેવામાં આવી છે. જે ગેરરીતિ આચરાઈ હોવા છતાં 'આવ ભાઈ આપણે સરખાં' જેવી નીતિ અપનાવીને સરકારી નાણાંનો દુરવ્યય કરવામાં આવ્યો હોવાની ચિંતાજનક બાબતે જાગૃત નાગરિકો દ્વારા મુખ્યમંત્રી તથા આરોગ્ય વિભાગમાં ધારદાર અને ગંભીર રજુઆતો વાંરવાર કરવામાં આવી હતી. પરિણામે ગાંધીનગર કક્ષાએથી નિયામક કક્ષાની ટીમ મહિસાગર જીલ્લાની મુલાકાત લઈને આકસ્મિક વાહનોની તપાસની હાથ ધરતા નિયમોનું ઉલ્લંઘન કરીને વાહનો મુકાયા હોવાનું જણાઈ આવતાં તપાસ ટીમ ડઘાઈ ગઈ હતી. જોકે, ૩-૩ વખત રાજ્યકક્ષાએથી તપાસ હાથ ધરવા છતાં અને જરૂરી સુચના આપવા છતાં જીલ્લા આરોગ્ય તંત્રનું પેટનું પાણી ન હાલીને કાગળ ઉપર યોજના દોડાવાઈ રહી છે. ખરેખર, આવી ખખડધજ અને જાનના જોખમે દોડાવવામાં આવતી એવી કહેવાતી સરકારી ભાડાને વાહનો કોઈ દિવસ મોટી દુર્ઘટનાનો ભોગ બને તો જવાબદાર કોણ ? તે પણ તપાસ માંગી લેતો વિષય છે. ત્યારે ૩-૩ વખત જીલ્લાતંત્રને જરૂરી સુચના સાથે કડક શબ્દોમાં તાકીદ કરવા છતાં કોઈ ફેરફાર કે હકારાત્મક સુધારો નહીં જોવાતા હવે પરોક્ષ કાંતો પ્રત્યક્ષ રીતે જવાબદાર આરોગ્ય અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી ઘટે તેવી માંગ ઉઠી છે.

### ટેકસી પાર્સીંગના બદલે કોર્મશીયલ અને ગુડસ વ્હીકલ દોડાવાઈ છે ?

ટેન્ડરમાં મુકાયેલ શરતોને ઘોળીને પી જનાર ખાનગી કોન્ટ્રાકટ એજન્સીએ આડેધડ અને મનસ્વીપણે વાહનો મુકવામાં આવતાં મુસાફરી કરનાર બાળ દર્દીઓ તથા આરોગ્ય સ્ટાફ ભયભીત બનેલો છે. સામાન્ય રીતે ટેકસી પાર્સીંગ કરેલી વાહનો મુકવાની જોગવાઈ હોવા છતાં મળેલી માહિતી પ્રમાણે કોન્ટ્રાકટરે કોર્મશીયલ અને ગુડસ વ્હીકલ પણ બાળ દર્દીઓની સેવામાં દોડાવાતા હોવાનું પણ દસ્તાવેજો આધારે જાગૃત નાગરિકો આંધળી ચીંધી રહ્યા છે. ત્યારે 'વેલે જ ચિભડાં ગળતા હોય તો કોને કહેવું' ?

### કૌભાંડ પ્રકરણ પર પડદો પાડી દોષીયોને બચાવવાના નિમ્ન પ્રયાસો

ગાંધીનગર કક્ષાએથી હાથ ધરવામાં આવેલી તબકકાવારની તપાસમાં આશરે પાંચ હજાર કરતા વધારે પાનાના દસ્તાવેજો એકત્રિત કરવામાં આવેલા હોવાનું જાણવા મળેલ છે. એટલું જ નહિ મહિસાગર જીલ્લામાં બે કરોડ જેટલી કિંમતના વાહનોની તપાસ અંતિમ તબક્કામાં હોવા છતાં સમગ્ર દોષીયોને બચાવવા અને સમગ્ર કૌભાંડ પ્રકરણમાં પરદો પાડવાના નિમ્ન કાર્ય અંદરખાનગી થઈ રહ્યું છે. તમામ વાહનો નીતિનિયમોનું ભંગ કરીને ગેરકાયદેસર રીતે આર.બી.એસ.કે. યોજના હેઠળ વાહનો ચાલતાં હોવવા છતાં પણ ત્રણ વર્ષથી વાહનોને આડેધડ અને જેવી ગ્રાંન્ટ આવે તેવી એજ દિવસોમાં કોઈપણ જાતની ચકાસણી વિના ચુકવી દેવામાં આવે છે. એવું પણ કહેવામાં આવે છે કે, જીલ્લામાં જીલ્લા તંત્ર પણ ટેન્ડર તાલુકા વાઈસ કરીને નિયમોનો ભંગ કરી રહ્યા હોવાના પણ આક્ષેપો ઉઠયા છે.

### વારંવાર વાહનો બદલવાની કુટેવના કારણે ફરજ પરના વાહનો ઉપર મહિનાઓ સુધી GPS કે સ્ટીકર લગાવતા નથી

ખાનગી કોન્ટ્રાકટ એજન્સી દ્વારા બાળ દર્દીઓની સેવામાં મુકાયેલ વાહનો અને રજુ કરાયેલા દસ્તાવેજોમાં ઘણી વિસંગતતાઓ જોવા મળે છે. સામાન્ય રીતે સરકારના નકકી કરાયેલ શરતો મુજબ નવી નકોર અને જરૂરી સર્ટીફિકેટ વાહન માલિકના તંત્રમાં જમા કરાવાઈ છે. પરંતુ વાસ્તવિક સ્થિતીએ દર અઠવાડિયે કે પંદર દિવસે સમયાંતરે વાહનો બદલાવવાને કુટેવ એજન્સી ધરાવે છે. અને જે વાહનોનું કરાર કરેલ હોય તેવા વાહનોને ગણતરીના દિવસોમાં છુટા કરાયા બાદ સ્ટીકર અને જી.પી.એસ.વાળા ખાનગી સેવામાં મુકતપણે વપરાશ કરાઈ રહ્યો છે. વારંવાર વાહનો બદલાવવાની કુટેવ ધરાવતી એજનસી દ્વારા નવ નિયુકત થયેલ કરારના વાહનો ઉપર મહિનાઓ સુધી જી.પી.એસ.કે આર.બી.એસ.કે. સ્ટીકર લગાવવામાં આવતા નથી. પરિણામે આવા વાહન ચાલકોને ખાનગી મુસાફરી કરવામાં ઘણી સરળતા મળતી હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે. એવું પણ કહેવાય છે કે, ગ્રામ્ય સ્તરે કા કામ કરતા આશા વર્કરો અને વાહન ચાલકો વચ્ચે સાંઠગાંઠ ધરાવતા હોય તે આધારે જો લાંબા અંતરનો રૂટ હોય તો આવા વાહન માલિકો જ દર્દીઓને ભાડા ખર્ચી આપીને તેઓને જીલ્લાકક્ષાએ બોલાવી દેવામાં આવે છે. જેથી ઈંધણનો બચત કરીને તે નાણાં ખીસ્સામાં સેરવી દેવામાં૦ અનુકુળતા રહે છે. છેલ્લા કેટલાક સમયથી આવી અગત્યની ગંભીર બેદરકારીના કારણે ગાંધીનગર તથા લુણાવાડા ખાતેથી અધિકારીઓ વાહનો કયા રૂટ પર દોડી રહ્યા છે. તે જાણી શકતા નથી અને કયા રૂટ પર કેટલો સમયગાળો લાગશે તેનું અનુમાન કરી શકતા નથી. પરિણામે દિવસ દરમિયાન પુરતા પ્રમાણમાં દર્દીઓને સારવાર આપી શકાતી નથી અને સરકારના નાણાંનો વેડફાટ થતો જોવા મળે છે.

## ૨૫ થી ૨૯ ડિસેમ્બર ભૂતકાળની ભવ્યતાને ફરીથી ઉજવવાનો ઉત્સવ પંચમહોત્સવ

ગોધરા,
પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકામાં આવેલ ચાંપાનેર-પાવાગઢ ઐતિહાસિક મહત્વ ધરાવતું પ્રવાસન મથક છે. જેને યુનેસ્કો દ્વારા "વર્લ્ડ હેરિટેજ સાઈટ'' તરીકેનો દરજ્જો આપવામાં આવ્યો છે. આ ઐતિહાસિક પ્રવાસન મથક ખાતે પ્રવાસન વિકાસની રહેલ ભરપૂર શક્યતાઓને જોતા યોગ્ય પ્રચાર પ્રસાર દ્વારા તેને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધિ મળે તથા તેની આગવી વિશિષ્ટ ઓળખ પ્રવાસીઓને આપી શકાય તથા સ્થાનિક રોજગારીની તકોમાં વધારો લાવી શકાય તે હેતુસર પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા દર વર્ષે પંચમહોત્સવનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે તારીખ ૨૫ થી ૨૯ ડિસેમ્બર દરમિયાન પંચમહોત્સવનું આયોજન વડા તળાવ, તાલુકો હાલોલ ખાતે કરાશે.આ પાંચ દિવસ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે,




જેમાં હેરિટેજ વોક, પેઈન્ટીંગ વર્કશોપ, અમ્યુઝમેન્ટ પાર્ક, ક્રાફ્ટ બજાર, સ્ટૉલ, ટેન્ટ સિટી, ટ્રાઈબલ ફુડ, સાઈકલ યાત્રા, ફોટોગ્રાફી સ્પર્ધા તથા દરરોજ સાંજે સંગીત સંધ્યા રજુ કરાશે.

ગુજરાતના પ્રખ્યાત કલાકારો પૈકી તા.૨૫ ડિસેમ્બરના રોજ ઐશ્વર્યા મજમુદાર સંગીત સંધ્યા રજૂ કરશે. ઐશ્વર્યા મજમુદારે ગુજરાતી અને હિન્દી ફિલ્મો માટે અનેક ગીતો ગાયા છે. તેઓ અંતાક્ષરી-ધ ગ્રેટ ચેલેન્જમાં પણ જોવા મળ્યા હતા. તેમને વર્ષ ૨૦૦૮માં અમુલ સ્ટાર વોઈસ ઓફ ઈન્ડિયા સ્પર્ધામાં અમિતાભ બચ્ચનના વરદ હસ્તે "છોટે ઉસ્તાદ'' વોર્ડ મળ્યો હતો. ૨૦૦૬માં "શાહુ મોદક એવોર્ડ,૨૦૦૯માં "સંગીત રત્ન''પણ એનાયત કરાયો હતો. તા.૨૬ ડિસેમ્બરના રોજ પાર્થિવ ગોહિલ સંગીત સંધ્યા રજૂ કરશે.તેઓ ઉત્તર હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીત સાથે સંકળાયેલ 'ધ્રુપદ-ધમાર' ગાયનશૈલીમાં વિશેષ રૂપે અને સંગીતમાં સર્વસામાન્ય રીતે નિપુણતા ધરાવતા કલાકાર છે.

તા.૨૭ ડિસેમ્બરના રોજ ગુજરાતના સુરેન્દ્રનગરમાંથી આવતા પાર્શ્વગાયક અને ગીતકાર આદિત્ય ગઢવી સંગીત સંધ્યા રજૂ કરશે. તેમણે ગુજરાતી ઉપરાંત ઘણી અન્ય ભાષાઓમાં પણ ખૂબ પ્રસિદ્ધ ગીતો આપ્યાં છે. તેઓ ગુજરાતી ચલચિત્રોની સાથે તેમના લોકપ્રિય ગીત એવા ખલાસી (ગોતી લો...) અને ગુજરાત ટાઈટન્સ ટિમ માટે ગાયેલું આવવા દેપ્રખ્યાત બન્યા હતા. તા.૨૮ ડિસેમ્બરના રોજ પંચમહોત્સવમાં લોક સાહિત્ય અને ડાયરાને લીધે ફેમસ થયેલા રાજભા ગઢવી પોતાની આગવી શૈલીમાં સંગીત સંધ્યા રજૂ કરશે. તા.૨૯ ડિસેમ્બરના રોજ લોકપ્રિય કલાકાર કિંજલ દવે સંગીત સંધ્યા રજૂ કરશે.

## શહેરા મોરવા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ કિરીટ બારીયાના વિરૂદ્ધમાં અવિશ્વાસની દરખાસ્ત પસાર નહી થતા ફિયાસ્કો થયો

શહેરા,
શહેરા તાલુકાની મોરવા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ કિરીટભાઈ બારીઆ વિરૂદ્ધ કરાયેલ અવિશ્વાસની દરખાસ્તને લઈ ગ્રામ પંચાયત કચેરી ખાતે સામાન્ય સભા સરપંચના અધ્યક્ષ સ્થાને બોલાવાઈ હતી. જેમાં ગ્રામ પંચાયતના સરપંચ તેમજ બે સભ્યો હાજર રહેતા બહુમતી ના થવાથી ડેપ્યુટી સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ ન હતી.

શહેરા તાલુકાની મોરવા ગ્રામ પંચાયતના સરપંચ સહિત પાંચ જેટલા સભ્યો દ્વારા ગત તા. ૫ ડિસેમ્બર ના રોજ તાલુકા પંચાયત કચેરી ખાતે આવીને તાલુકા વિકાસ અધિકારી સમક્ષ ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ કિરીટભાઈ બારીયાના વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજૂ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

કરવામાં આવી હતી. જેમાં મોરવા ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ દ્વારા ગ્રામ પંચાયતના વિકાસના કામોમાં અડચણ કરવા બાબત સહિતના અન્ય મુદ્દા નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જે સંદર્ભે મંગળવારના ના રોજ મોરવા ગ્રામ પંચાયત કચેરી ખાતે તલાટી કમ મંત્રી અલ્પેશ પટેલ અને જીમીત ચૌહાણની ઉપસ્થિતિમાં સરપંચ સુમિત્રાબેન મહેશભાઈના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભાની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં ગ્રામ પંચાયતના સરપંચ સુમિત્રાબેન તેમજ ગ્રામ પંચાયતના સભ્યો પટેલ અશ્વિનભાઈ અને સોલંકી હંસાબેન હાજર જોવા મળતા છ સભ્યોની ગેરહાજરી હોવાથી બહુમતી નહીં મળવાથી અવિશ્વાસની દરખાસ્ત પસાર ન થવા સાથે અવિશ્વાસની દરખાસ્તનો ફિયાસ્કો થયો હતો. આમ, મોરવા ગ્રામ પંચાયત ખાતે યોજાયેલી સામાન્ય સભામાં ઉપ સરપંચ સામે કરાયેલ અવિશ્વાસની દરખાસ્ત પસાર ન થતા ઉપસરપંચ કિરીટભાઈ બારીયાના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી રહી હતી. જોકે, ગ્રામ પંચાયતના ઉપસરપંચના વિરોધમાં સરપંચ સહિતના સભ્યોએ કરેલ અવિશ્વાસની દરખાસ્ત પસાર નહી થતા સ્થાનિક ગામમાં અને રાજકીય ક્ષેત્રે પણ ભારે ચર્ચાનો મુદ્દો આ બની જવા પામ્યો હતો.

## ઘોઘંબા રાજગઢ પોલીસ મથકના PSI સાથે રાખી RAFએ ફીલ્ડ પરિચય કવાયત કાર્યક્રમ યોજયો

ઘોઘંબા,
૧૦૦ બટાલિયન રેપિડ એક્શન ફોર્સ અમદાવાદ, ગુજરાત જિલ્લામાં-ગોધરા (પંચમહાલ) (સંવેદનશીલ), ગુજરાત ૧૬/૧૨/૨૦૨૩ થી ૨૨/૧૨/૨૦૨૩ દરમિયાન પરિચયની કવાયત માટે કાર્યક્રમ યોજાયો. તારીખ-૧૯/૧૨/૨૦૨૩, ગોવિંદ પ્રસાદ ઉનિયાલ, કમાન્ડન્ટ, ૧૦૦ વાહિની રેપિડ ટાસ્ક ફોર્સ, જિલ્લો-(પંચમહાલ)ના માર્ગદર્શન હેઠળ ૧૦૦ વાહિની રેપિડ ટાસ્ક ફોર્સ, અમદાવાદ, ગુજરાતમાં તા.૧૬/૧૨/૨૦૨૩ થી ૨૨/૧૨/૨૦૨૩ સુધી રાજેશ કુમાર તિવારીના નેતૃત્વમાં પરિચયની કવાયત માટે મોકલવામાં આવેલ. પરિચય કવાયત માટે નામાંકિત પ્લાટૂનનો મુખ્ય ઉદ્દેશ જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષક સાથે વાતચીત કરવાનો છે. સાથે સાથે


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

જિલ્લાના સંવેદનશીલ વિસ્તારો વિશે માહિતી મેળવવી, જિલ્લાના વિસ્તારોના વરિષ્ઠ નાગરિકો, સામાજિક કાર્યકરો અને મહાનુભાવો સાથે વાર્તાલાપ કરવો, ભૂતકાળમાં થયેલા તોફાનો અને અન્ય પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવવી. આ સાથે પરિચયની કવાયત કરીને જે તે જિલ્લાની ભૌગોલિક સ્થિતિ અને છેલ્લા કેટલાક વર્ષોમાં કાયદો અને વ્યવસ્થા વિશે મહત્વપૂર્ણ માહિતી એકત્રિત કરવી, વિસ્તારોમાં કટોકટીના કિસ્સામાં સાંપ્રદાયિક સમયે પરિસ્થિતિને નિયંત્રિત કરવામાં મદદરૂપ થઈ શકે તેવા મુખ્ય સ્ત્રોતો શોધવાની વિગતે ચર્ચા કરી હતી. રમખાણો અને સ્થાનિક સત્તાધિકારી સાથે સંકલન, ફરજોના નિકાલને મજબૂત બનાવવો, પરિચય પ્રેક્ટિસ માટે હાજર પ્લાટૂન વિસ્તારોમાં તંદુરસ્ત અને મનોરંજક વાતાવરણ જાળવવા માટે ભારત સરકાર દ્વારા જારી કરવામાં આવેલી ઘણી પ્રવૃત્તિઓમાં ભાગ લે છે તેની જાણકારી આપવામાં આવી હતી. જેમ કે જિલ્લાઓમાં સ્વચ્છતા અભિયાન, રમતગમત અને લોકો વચ્ચે વિશ્વાસ વધારવાના કાર્યો, સામાન્ય જનતા પરિચયની કવાયત હાથ ધરવાનો મુખ્ય ઉદ્દેશ્ય, સામાન્ય લોકોમાં પોલીસ દળની છબી મજબૂત કરવાનો અને અસામાજિક તત્વોને કડક પડકાર આપી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સ્થાનિક પોલીસને મદદરૂપ બનવાનો અનુરોધ કર્યો હતો. આજે રાજગઢ પોલીસ સ્ટેશનના પીએસઆઈ અને સ્ટાફ સાથે મળીને સમગ્ર કાર્યક્રમ કર્યો હતો. સદર ફીલ્ડમાં પરિચય કવાયત કમાન્ડર રાજેશ કુમાર તિવારી (સહાયક કમાન્ડન્ટ) દ્વારા સમગ્ર સંચાલન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## શહેરા રામજી મંદિર ખાતે અયોધ્યાથી આવેલ અભિમંત્રીત અક્ષત કુંભના દર્શન કાર્યક્રમ રાખવામાં આવ્યો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા નગરમાં રામજી મંદિર ખાતે અયોધ્યાથી આવેલા અભિમંત્રીત અક્ષત કુંભનો દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદના જીલ્લા સંયોજક દિનેશભાઈ બ્રહ્મક્ષત્રિય તેમજ રામ ભક્તો સહિત નગરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શહેરા નગરમાં રામજી મંદિર ખાતે અયોધ્યા થી આવેલા અભિમંત્રીત અક્ષત કુંભના દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદના જીલ્લાના સંયોજક દિનેશભાઈ બ્રહ્મક્ષત્રિય, ભાજપ અગ્રણી અંબાલાલભાઈ વાળંદ તેમજ રામ ભક્તો અને વિવિધ સમાજના અગ્રણીઓ એ અભિમંત્રીત અક્ષત કુંભના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અગામી આવનારી પહેલી જાન્યુઆરી થી ૧૫ મી જાન્યુઆરી સુધી વિશ્વ હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ રામદૂત બની શહેરા નગર તાલુકામાં અક્ષત આમંત્રિત પત્રિકા ઘરે ઘરે જઈને આપશે અને ૨૨મી જાન્યુઆરી અયોધ્યામાં રામચંદ્ર ભગવાનના મંદિરનું પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાનું આમંત્રણ પણ આપવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં ગોધરાથી વિશ્વ હિન્દુ પરિષદના પંચમહાલ જીલ્લાના સંયોજક દિનેશભાઈ બ્રહ્મક્ષત્રિય અને શહેરા તાલુકા કાર્યવાહ અને નગરના કાર્યકર્તાઓની ઉપસ્થિતિ રહ્યા હતા.

## જાંબુઘોડામાં બિનખેતીની પરવાનગી વગર ૨૦ વર્ષ પહેલા બાંધકામ થયેલ ૮ દુકાનો ઉપર ઈન્ચાર્જ પ્રાંત અધિકારીએ જેસીબી ફેરવ્યું



જાંબુઘોડા,
જાંબુઘોડામાં સુખી નદી નવા પુલ પાસે સર્વે નં.૧૩૪માં બિનખેતીની પરવાનગી વગર ૨૦ વર્ષ પહેલા ગેરકાયદેસર રીતે બાંધકામ કરવામાં આવેલ ૮ દુકાનો ઉપર હાલોલ ઈન્ચાર્જ પ્રાંત અધિકારીએ વહીવટી તંત્રને સાથે રાખી જેસીબી વડે તોડી નાખવામાં આવ્યું. જાંબુઘોડા સુખી નદી પાસે નવા પુલ પાસે આવેલ સર્વે નં.૧૩૪ વાળી બિનખેતી પ્રિમીયમપાત્ર નવી શરતની જમીનમાં બિનખેતીની પરવાનગી મેળવ્યા વગર ૨૦ વર્ષ પહેલા ગોવિંદભાઈ નટુભાઈ બારીયા દ્વારા ગેરકાયદેસર રીતે બિનખેતીની પરવાનગી માટે પ્રીમીયમ ભર્યા વગર બાંધકામની મંજુરી મેળવ્યા વગર ૮ દુકાનોનું બાંધકામ કરવામાં આવ્યું હતું. બિનખેતીની પ્રીમીયમ ભર્યા વગર બાંધકામને આજરોજ હાલોલ ઈન્ચાર્જ પ્રાંત અધિકારી અને જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી. મકવાણા દ્વારા સ્થાનિક વહિવટી તંત્ર, માર્ગ મકાન વિભાગના અધિકારીઓ સાથે રાખીને ગેરકાયદેસર ૮ દુકાનોના શોપીંગ સેન્ટરને જેસીબી ફેરવી દેવામાં આવ્યું. હાલોલ ઈન્ચાર્જ પ્રાંત અધિકારી દ્વારા ગેરકાયદેસર દબાણો સામે લાલ આંખ કરતાં તાલુકામાં આવા બિનઅધિકૃત બાંધકામ તોડી પાડવામાં આવતાં અન્ય દબાણકર્તાઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.